# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-07-2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **10 લાખથી વધુ વસ્તી ધરાવતા દેશનાં સૌથી સ્વચ્છ શહેરોમાં અમદાવાદ પ્રથમ ક્રમે અને સુપર સ્વચ્છ લીગ કેટેગરીમાં સુરત બીજા ક્રમે**
2. **મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે પાટણ જિલ્લામાં 110 કરોડ રૂપિયાનાં વિવિધ વિકાસ પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુર્હુત કરશે**
3. **પંચમહાલ જિલ્લા સહકારી બેન્કને રાજ્યની શ્રેષ્ઠ સહકારી જિલ્લા બેન્કનો પુરસ્કાર**
4. **આગામી સાત દિવસ દરમિયાન રાજ્યમાં ભારે વરસાદની શક્યતા નહિવત**
5. **સિંગાપુરમાં યોજાયેલી સ્પર્ધામાં નવસારીનાં ચેતન ભગરિયાને 800 મીટરની દોડમાં સુવર્ણચંદ્રક સહિત કુલ ત્રણ ચંદ્રકો**

------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# SWACCHA SURVEKSHAN

**10 લાખથી વધુ વસ્તી ધરાવતા દેશનાં સૌથી સ્વચ્છ શહેરોમાં અમદાવાદ પ્રથમ ક્રમે આવ્યું છે. ગઇ કાલે નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રાજ્યના કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ, શહેરના મેયર પ્રતિભા જૈન અને મ્યુનિસિપલ કમિશ્નર બંછાનિધી પાનીને આ પુરસ્કાર એનાયત કર્યો હતો.**

**અમદાવાદ મહાનગરપાલિકાનાં સ્વચ્છતાનાં પ્રયાસોનાં પરિણામે અમદાવાદે સમગ્ર દેશમાં મોખરાનું સ્થાન હાંસલ કર્યું છે.**

**આ અંગે સાંભળીએ એક અહેવાલઃ**

**(VOICE CAST: ANIL PATEL)**

કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરાયેલા સ્વચ્છતા સર્વેક્ષણમાં અમદાવાદે ગયા વર્ષે 15મા સ્થાનેથી હરણફાળ કૂદકો લગાવીને આ વર્ષે સમગ્ર દેશનાં સ્વચ્છ શહેરોમાં પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન, પીરામા ડમ્પિંગ સાઇટનું બાયોમાઇનિંગ અને કચરાનાં પુનઃ ઉપયોગ જેવી પહેલે અમદાવાદને પ્રથમ ક્રમ અપાવ્યો છે.

10 લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરોમાં સુપર સ્વચ્છ લીગમાં સુરત દેશમાં બીજા ક્રમે રહ્યું છે, જ્યારે 3 થી 10 લાખની વસ્તી ધરાવતા શહેરોમાં ગાંધીનગરને પણ સ્થાન મળ્યું છે. સ્વચ્છતાના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કાર્ય બદલ વડોદરા અને કેન્દ્રશાસિત પ્રદેશ દમણને "ઉભરતાં સ્વચ્છ શહેર" તરીકે સન્માનિત કરવામાં આવ્યા છે.

ગાંધીનગર લોકસભાના ક્ષેત્રના સાંસદ તેમજ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિતભાઈ શાહે આ પુરસ્કારો મેળવવા બદલ અમદાવાદ અને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

સમાચાર વિભાગથી અનિલ પટેલ, આકાશવાણી, અમદાવાદ

# AWARD

ગાંધીનગર શહેરને ૩ લાખ થી ૧૦ લાખની વસ્તી ધરાવતા શહેરોની શ્રેણીમાં "સુપર સ્વચ્છ લીગ" માટે પસંદ કરવામાં આવ્યું છે.ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર મીરાબેન પટેલ તેમજ નાયબ મ્યુ. કમિશનર દ્વારા એવોર્ડ સ્વીકારવામાં આવ્યો હતો.

આ અંગે ગાંધીનગરના મેયરે ખુશી વ્યક્ત કરતાં આ મુજબ જણાવ્યું

**(બાઇટ: MEERA PATEL MAYOR)**

# SWACCHA SURVEY RAJKOT

સ્વચ્છ સર્વેક્ષણ **2024-25**માં રાજકોટ ઝોનમા મધ્યમ કદની શ્રેણીમાં ગોંડલ પ્રથમ, જસદણ ત્રીજા સ્થાને તથા ધોરાજી ચોથા સ્થાને આવ્યાં છે. ઉપલેટાનો છઠ્ઠો, જેતપુરનો સાતમો તેમજ ભાયાવદરનો **15**મો ક્રમ જાહેર થયો છે.

આ શ્રેણીમાં ગોંડલ સમગ્ર રાજ્યમાં **35**મા અને રાષ્ટ્રીય સ્તરે **98**મા સ્થાને આવ્યું છે. નાના શહેરોમાં જસદણ રાજ્યમાં **50**મા અને દેશમાં **138**મા ક્રમે આવ્યું છે.

# CM PATAN LOKARPAN

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે પાટણ જિલ્લામાં **110** કરોડ રૂપિયાનાં વિવિધ વિકાસ પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુર્હુત કરશે. સાંતલપુર તાલુકાના

કલ્યાણપુરા ગામે ચામુંડા માતાજી મંદિર ખાતે આયોજિત કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂત પણ ઉપસ્થિત રહેશે.

આ ઉપરાંત પાટણ જિલ્લામાં નવ નિયુક્ત વિદ્યાસહાયકોને નિમણૂંકના પ્રતિકાત્મક હુકમો એનાયત કરવામાં આવશે.

મુખ્યમંત્રી માર્ગ અને મકાન વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, શિક્ષણ અને શહેરી વિકાસ, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનાં પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુર્હુત કરશે.

# TRAFFIC MEETING HARSH SANGHVI

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગર સચિવાલય ખાતે એરપોર્ટ ઓથોરિટી, રેલવે, પોલીસ, ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ **(GSRTC)** અને **RTO** સહિતના વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથે મહત્વપૂર્ણ સંકલન બેઠક યોજી હતી. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય રેલવે સ્ટેશન, બસ સ્ટેશન અને એરપોર્ટ જેવા વિસ્તારોમાં રીક્ષા, કેબ ટેક્સી તેમજ અન્ય જાહેર પરિવહનનું સુચારુ નિયમન કરી ટ્રાફિકની સમસ્યા નિવારવાનો હતો.

સામાન્ય નાગરિકોને ટ્રાફિકના કારણે થઈ રહેલી અગવડતાને ધ્યાનમાં રાખીને શ્રી સંઘવીએ આવા સ્થળોએ થતા આડેધડ પાર્કિંગ સહિતના મુદ્દાઓને ગંભીરતાથી લઇને સંબંધિત અધિકારીઓને આવા વાહનચાલકો વિરુદ્ધ કડક પગલાં લઈને દાખલારૂપ કાર્યવાહી કરવા સૂચનાઓ આપી હતી.

# PANCHMAHAL CO OP BANK AWARD

ધી પંચમહાલ જિલ્લા સહકારી બેન્કને રાજ્યની 18 જિલ્લા સહકારી બેન્કોમાંથી શ્રેષ્ઠ કામગીરી કરતી સહકારી જિલ્લા બેન્કનો પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો છે.

પંચમહાલ, દાહોદ તથા મહીસાગર જિલ્લાનાં ખેડૂતો, પશુપાલકો તથા સામાન્ય લોકોને સેવા પૂરી પાડતી બેન્કની નાબાર્ડ દ્વારા 2024-2025 માટે પુરસ્કારની પસંદગી થઈ છે.

તાજેતરમાં નાબાર્ડની સ્થાપનાનાં 44 વર્ષની ઉજવણી પ્રસંગે રાજયસભાનાં સાંસદ રમીલાબેન બારા તથા નાબાર્ડનાં ચીફ જનરલ મેનેજર બી.કે.સિંઘલનાં હસ્તે બેંકના ચીફ એકઝીકયુટીવ ઓફીસર રશેષ પી. શાહને પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

....................................

# TALUKA JILLA PANCHAYAT

હરિત ઉર્જાનાં ઉપયોગને પ્રોત્સાહન આપીને પર્યાવરણની જાળવણી કરવાના અભિયાનનાં ભાગ રૂપે સરકારે જિલ્લા અને તાલુકા પંચાયતો ભવનમાં સોલર રૂફટોપ સિસ્ટમ સ્થાપવા પર ધ્યાન કેન્દ્રીત કર્યું છે.

હાલ રાજ્યની 104 તાલુકા પંચાયતોમાં સોલાર રૂફટોપ સિસ્ટમ કાર્યરત છે અને વધુ **27**માં ઇન્સ્ટોલ કરવાનું કાર્ય પ્રગતિમાં છે, જ્યારે ડાંગ-અમદાવાદ-ખેડા-છોટાઉદેપુર-પાટણ-બનાસકાંઠા-ભાવનગર-અમરેલી-ગીર સોમનાથ-મહીસાગર અને રાજકોટ જિલ્લામાં તાલુકા પંચાયતની નવી કચેરીઓમા સોલર રૂફટોપ અને વોટર હાર્વેસ્ટિંગ સ્ટ્રક્ચરનું નિર્માણ કરવામાં આવશે. હાલ **31** તાલુકા પંચાયતોમાં રેઇન વોટર હાર્વેસ્ટિંગ સુવિધા છે.

હાલ રાજ્યની **211** તાલુકા પંચાયતો પોતાના ભવન ધરાવે છે અને વધુ **11** તાલુકા પંચાયતોને નવા તાલુકા પંચાયત ભવન નિર્માણ માટે મંજૂરી આપવામાં આવી છે.

# WEATHER

રાજ્યમાં છેલ્લા 24 કલાકમાં **10** તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો છે. વરસાદનું જોર ઘટતા મહત્તમ તાપમાનમાં **1** થી **2** ડીગ્રીનો વધારો થઈ શકે છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર એ કે દાસના જણાવ્યા અનુસાર અત્યારે રાજ્યમાં ભારે વરસાદની કોઈ શક્યતા નથી. પરંતુ કેટલાક વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ પડી શકે છે.

હાલમાં ગુજરાત પર સક્રિય વિવિધ વરસાદી સિસ્ટમ્સની અસર નહિવત્ જોવા મળી રહી છે. અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાં હળવા વરસાદની સંભાવના છે.

# HSC RESULT

આજે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની જૂન-જુલાઇ 2025માં લેવાયેલી ધોરણ 10 અને સંસ્કૃત પ્રથમાની પૂરક પરીક્ષાનું પરિણામ જાહેર થશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઇટ પર આજે સવારે 9 વાગ્યે પરિણામ જાહેર કરાશે.

# GOLD MEDAL

સિંગાપુર ખાતે ચાલી રહેલી ઇન્ટરનેશનલ ચેમ્પિયનશિપમાં નવસારીના ચેતન ભગરિયાએ 800 મીટર દોડમાં સુવર્ણ ચંદ્રક મેળવી ગુજરાતનું નામ રોશન કર્યું છે. નવસારી જિલ્લાના વાસદા તાલુકાના કકેલિયા ગામના ચેતન ભગરિયાએ **800** મીટરની દોડમાં ગોલ્ડ મેડલ મેળવી નવસારી સહિત ગુજરાતનું નામ રોશન કર્યું. તેમણે **400** મીટરની દોડમાં બીજો ક્રમ અને **200** મીટરની દોડમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે.ચેતન ભગરિયાએ ખેલ મહાકુંભમાં ભાગ લેવા સૌ ને અનુરોધ કરતા આ મુજબ જણાવ્યું

**(બાઇટ: CHETAN BHAGERIYA GOLD MEDAL VIJETA)**

વર્લ્ડ ચેમ્પિયનશિપ જીતીને પોતાના ગામ કેલિયા પહોંચેલા ચેતન ભગરિયાનું કેલિયા પ્રાથમિક શાળામાં સન્માન કરવામાં આવ્યું હતું

# PM DHAN DHANY YOJNA

કેન્દ્રીય મંત્રીમંડળે "પ્રધાનમંત્રી ધન-ધાન્ય કૃષિ યોજના"ને મંજૂરી આપી છે. આ યોજના નો ઉદ્દેશ્ય કૃષિ ઉત્પાદકતા વધારવા, પાક વૈવિધ્યકરણ અને ટકાઉ કૃષિ પદ્ધતિઓ અપનાવવા, પંચાયત અને બ્લોક સ્તરે લણણી પછીના સંગ્રહને વધારવા, સિંચાઈ સુવિધાઓમાં સુધારો કરવા અને લાંબા ગાળાના અને ટૂંકા ગાળાના ધિરાણની ઉપલબ્ધતાને સરળ બનાવવાનો છે.

ઓછી ઉત્પાદકતા, ઓછી પાકની તીવ્રતા અને ઓછી ધિરાણ વિતરણના ત્રણ મુખ્ય સૂચકાંકોના આધારે **100** જિલ્લાઓની ઓળખ કરી આ યોજના લાગુ કરાશે.

યોજનાને મહીસાગર જિલ્લાના ખેડૂતોએ આવકારી છે. ખેડૂત અંબાલાલ પટેલ પોતાની ખુશી વ્યક્ત કરતા આ મુજબ જણાવ્યું

**(બાઇટ: AMBALAL PATEL KHEDUT)**